# ૧૨ ઓગષ્ટ –૨૦૧૬ (શુક્રવાર)

**(૧) હનીફ મોહમ્મદ – પૂર્વ ક્રિકેટર પાકિસ્તાન :**
- પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન હનીફ મોહમ્મદનું અવસાન.
- ઉપનામ : લીટલ માસ્ટર
- તેમનો જન્મ ગુજરાતના જૂનાગઢમાં થયો હતો.
- પાકિસ્તાનના લીટલ માસટર ગણાતા હનીફ મોહમ્મદે ૧૯૫૨ થી ૧૯૬૯ દરમિયાન ૩૯૧૫ રન બનાવ્યા હતા.
- કારકીર્દિ દરમિયાન તેમણે ૧૨ સદી ફટકારી હતી જેમાં વેસ્ટઇઇન્ડિઝ વિરૂદ્ધ સર્વોચ્ચ ૩૩૭ રન ફટકાર્યા હતા.

**(૨) ટેકનોલોજી ક્ષેત્રના ૧૦૦ અમીર ઉદ્યોગપતિઓ :ફોર્બ્સ**
- તાજેતરમાં પ્રખ્યાત મેગેઝીન ફોર્બ્સ ટેકનોલોજી ક્ષેત્રના ૧૦૦ સૌથી અમીર ઉદ્યોગપતિઓની યાદી બહાર પાડી.
- આ યાદીમાં ભારતના ટેક્નોલોજી સમ્રાટ વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજી અને એચસીએલના સહસંસ્થાપક શિવ નાદર અનુક્રમે ૧૩ માં અને ૧૭માં સ્થાને છે.
- અમીર ઉદ્યોગપતિઓની યાદીમાં ટોચ પર માઇક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ છે.

**(૩) એમ.એસ. શુભલક્ષ્મી : શાસ્ત્રીય ગાયિકા**
- કર્ણાટકી સંગીતના જાણીતા શાસ્ત્રીય ગાયિકા એમ.એસ. શુભલક્ષ્મીનું ભારતના ૭૦ માં સ્વાતંત્ર્ય દિવસે યુનાઇટેડ નેશન્સ દ્વારા સન્માન કરવામાં આવશે.
- આ સન્માન શુભલક્ષ્મીની જન્મ શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવશે તેમજ યુએન ખાતેના કાયમી પ્રતિનિધિ દ્વારા એક ફોટો પ્રદર્શન પણ યોજાશે.
- આ પ્રસંગે ઓસ્કાર વિજેતા સંગીતકાર એ.આર. રહેમાન સંગીત આપશે.
- ભારતના ૭૦ માં સ્વાતંત્ર્યદિને શુભલક્ષ્મીને સંગીતકાર એ.આર.રહેમાન તેમના સંગીત વડે અંજલી આપશે.

**(૪) બાંગ્લાદેશ સૌથી લાંબા રેલવે બ્રિજ માટે ચીનને કોન્ટ્રાક્ટ આપશે :**
- બાંગ્લાદેશમાં પદ્મા રેલવે લિન્ક નામની રેલવે લાઇન નખાઇ રહી છે. અને તેના પર બાંગ્લાદેશનો સૌથી લાંબો પુલ બાંધવામાં આવશે.
- ૪.૪૪ અબજ ડોલરના ખર્ચે એ પુલ ચાઇના રેલવે કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ બાંધી આપશે.
- બાંગ્લાદેશ ચીનને આપેલ પ્રોજેક્ટમાં ૨૧૪ કીમીની રેલવે લાઈન નાખવાની, તેના પર ૬૬ મોટા અને ૨૪૪ નાના પુલ બાંધવાના ૧૪ નવા રેલવે સ્ટેશનો તૈયાર કરવાના અને ૧૦૦ પેસેન્જર કોચ બનાવવાનો સમાવેશ થાય છે.
- ઢાંકાથી શરૂ થતી આ લાઇન પદ્મા નદી પાર કરી જેસ્સોર નામના શહેરમાં આવીને પુરી થશે.
- જેસ્સોરની એક સરહદ પશ્ચિમ બંગાળને અડકે છે.
- જેસ્સોરની કલકત્તાનું અંતર સવાસો કિમી કરતાં પણ ઓછું છે.

**(૫) હવે ખાનગી કંપનીમાં પણ ૨૬ સપ્તાહની મેટરનીટી લીવ મળશે.**
- તાજેતરમાં કેન્દ્રીય શ્રમ અને રોજગારમંત્રી બંડારુ દત્તાત્રેયે પ્રસ્તુત કરેલ મેટરનીટી બેનિફિટ બિલ ૨૦૧૬ રાજ્યસભામાં પસાર'
- આ અંતર્ગત મહિલાઓની મેટરનીટી લીવની મુદત ૧૨ અઠવાડીયાથી વધારીને ૨૬

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧